જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૩/૨૦૧૭ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-**

**સમાચાર યાદી નં.૬૧૫/૧૭**

**નારણપુરા પોલીસ સ્ટેશનઃ**

આજરોજ તા.૨૫/૩/૧૭ નારણપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનુ આયોજન કરેલ હતુ. જેમાં નારણપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી સ્કુલના બાળકોને તેમજ નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.







**ચાંદખેડા પોલીસ સ્ટેશનઃ**

આજરોજ મે સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર -૧ સાહેબની સુચના થી નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એલ " ડીવીઝન તથા પોલીસ ઈન્સ્પેકટર ચાંદખેડા પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ પો.સબ.ઈન્સ એચ.બી.ચાવડા તથા સાથેના સ્ટાફના માણસો સાથે ચાંદખેડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૬૯/૨૦૧૬ ઈપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ ,૧૧૪ ના કામે નાસતો ફરતો આરોપી વિજય રસીકભાઈ જાતે-ઠાકોર ઉ.વ.૧૯ ધંધો-મજુરી રહે, ગુરુકુળ નવનીત હાઉસ ની બાજુમાં ફુટપાથ ઉપર વસ્ત્રાપુર અમદાવાદ મુળ ગામ, માંડલ ઠાકોર વાસ તા.વિરમગામ જી,અમદાવાદ નાને તા.૨૩/૦૩/૨૦૧૭ ના રોજ ઉપરોક્ત ગુનાના કામે અટક કરેલ છે તા ૨૪/૦૩/૧૭



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સરદારનગર પોલીસ સ્ટેશનઃ**

આજરોજ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જી' ડીવીઝન નાઓની સુચનાથી સીનીયર પો.ઇન્સ શ્રી એચ.બી ઝાલા સરદારનગર પો.સ્ટે તથા સ્ટાફના અનાર્મ પો. કોન્સ. સુરેંદ્રસિંહ મહેંદ્રસિંહ બ.નં-૯૫૫૮ તથા પો પો.કો.ઈમરાનખાન સિકંદરખાન બ.નં-૧૯૬૧ તથા પો.કો. કિરપાલસિંહ અનવરસિંહ બ.નં-૨૭૯૨ એ રીતેના આપ સાહેબ સાથે ઈન્દીરાબ્રીજ સર્કલ ખાતે મદદનીશ પો.કમિશ્નર સાહેબની સુચનાથી કલાક-૧૭/૩૦થી વાહન ચેકીંગમાં હતા આ દરમ્યાન પો. કોન્સ. સુરેંદ્રસિંહ મહેંદ્રસિંહ નાઓને ખાનગી બાતમીદારથી બાતમી હકીકત મળેલ કે એક સીલેટીયા કલરની ઈન્ડીકા વીસ્ટા કાર જેનો આર.ટી.ઓ. નંબર જી જે ૧૮ એસી ૮૪૭૪નો ચાલક ડ્રાઈવર પોતાની આ કારમાં કેટલોક પરપ્રાંતનો ઈંગ્લીશ દારુ ભરી લાવી ગાંધીનગર તરફથી આવી ઈન્દીરાબ્રીજ સર્કલ થઈ નોબલનગર તરફ જનાર છે વિગેરે હકીકત આધારે બે પંચોના માણસો સાથે સદરી ગાડીની વોચમા હાજર રહી સદરી ગાડી આવતા તેને રોકવા જતા ગાડીના ચાલકે નજીક આવવા દઇ જોરથી બ્રેક મારી ગાડી ઉભી રાખી સ્ટાફના માણસો પહોંચે તે પહેલા ગાડી મુકી નાશી ગયેલ અને પકડાયેલ નહિ જે ગાડીમા જોતા પરપ્રાંત ઇંગ્લીસ દારૂના નાના મોટા કુલ ૭૦ નંગ તથા બીયરના ટીન  ૧૨૦ મળી કુલ્લે ૧૯૦ નંગ ની કિ.રૂ ૫૧૦૦૦/ તથા સદરી ગાડીની કિ.રૂ ૧,૦૦,૦૦૦/ મળી કુલ્લે મુદ્દામાલ ની કિ.રૂ ૧,૫૧,૦૦૦/- ના મતાના મુદ્દામાલ મળી આવતા નાશીગયેલ ગાડીના ચાલક વિરૂધ્ધમા પ્રોહી એક્ટ કલમ ૬૬(બી),૬૫(એ)(ઇ) , ૧૧૬(બી), ૯૯ મુજબ કાયદેસરની કાર્યવાહી કરેલ છે

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)